# વાત ગાંધીનગરની

હા..! હવે કરીશુ વાત ગાંધીનગરની રોજેરોજની... સોમવાર એટલે નવી ઉર્જા સાથે નવા સપ્તાહનો પ્રથમ દિવસ જોશ અને જુસ્સા સાથે કામગીરીનો પ્રારંભ... સચિવાલય સહિત સમગ્ર શહેરમાં આરંભાયો... ચોમાસાની વિદાય લગભગ નિશ્ચિત બની રહી છે, પરંતુ છેલ્લે છેલ્લે તીવ્ર ગરમી અને બફારો પરેશાન કરે છે.

**પેટા ચૂંટણીનો પચરંગી માહોલ**

પેટાચૂંટણી માટે કાઉન્ટ ડાઉન શરૂ થયુ છે. ઉમેદવારોના 'કમલમ્' પર ધામા વધી રહ્યા છે. સાંજે ભાજપના મોભીઓ નામ નક્કી કરશે અને એકાદ બે દિવસમાં દિલ્હીથી જાહેરાત થશે એવો જ કર્મકાંડ કોંગ્રેસમાં પણ થઈ રહ્યો છે. પાટલી બદલુઓ ફરીથી મેદાનમાં આવશે અને જીતશે પણ ખરા એવી ચર્ચા રાજકીય ગલીઆરીઓમાં જોરશોરથી ચાલે છે. જોકે આઠમાંથી પાંચ બેઠકો ઉપર તો પાટલી બદલુઓને ભાજપ ટીકીટ આપી રહ્યું છે એ વાતમાં દમ છે. કોંગ્રેસ કેટલી ટક્કર લેશે તે સમય જ કહેશે.

**સરકારી તંત્રમાં જ સંકલન નથી...**

કોરોના સંક્રમણના ઈતિહાસના ૨૦૦ દિવસ પુરા થયાં પણ રાજ્યનું આરોગ્ય વિભાગ કે ગાંધીનગર જિલ્લા પંચાયત, ગાંધીનગર મનપા દરરોજ દરરોજ કોરોનાના આંકડા જાહેર કરે છે, પરંતુ ૨૦૦ માંથી ૧૭૦ દિવસ બધામાં આંકડા જુદા જુદા જ હોય... ક્યારેક રાજ્ય સરકાર વધારે બતાવે તો જિલ્લાતંત્ર ઓછુ બતાવે અને ક્યારેક જિલ્લાતંત્ર વધારે બતાવે ત્યારે રાજ્ય સરકાર ઓછુ બતાવે. એક જ કિલોમીટરના વિસ્તારમાં આવેલી ત્રણેય કચેરી આટલા મોટા ગંભીર વિષયમાં સંકલન જાળવી ન શકતુ હોય તો રાજ્યના છેવાડાના વિસ્તારમાં દશા કેવી હશે એ માત્ર કલ્પનાનો વિષય છે..!!

**વેપાર-ધંધામાં નજીવો ઘટાડો**

સપ્ટેમ્બર મહિનો થોડોક ચિંતાજનક રહ્યો. શહેર જિલ્લામાં કોરનાના કેસની સંખ્યા ચિંતાજનક રીતે વધી હતી અને તેની સીધી અસર શહેરના બજારો ઉપર વર્તાઈ હતી. જુલાઈ અને ઓગષ્ટમાં ૭૦-૭૫ ટકા સુધી પહોંચેલો વેપાર-ધંધો ફરીથી ૫૮-૬૦ ટકાએ અટકી ગયો છે. હજુ પણ સરકાર જે આંકડા બતાવે છે તેના કરતાં અઢી ગણા કેસ રોજેરોજ ઉમેરાય છે.

**નવરાત્રી વિના શહેર સુનુ સુનુ**

આ મહિનાની ૧૭મીએ નવરાત્રીનો પ્રારંભ થશે, પરંતુ ગરબાના આયોજનો નહી થવાના નિર્ણયથી વાતાવરણમાં એક સુનકાર અનુભવાય છે. યુવાનોની નારાજગી સીધી દેખાઈ આવે છે. અને નવરાત્રીની ઉજવણીની સાથે સંકળાયેલા વ્યવસાયકારોમાં ખુબજ મોટો આર્થિક ફટકો લાગ્યો છે. લાખ્ખો રૂપિયાના વ્યવસાયને કોરોનાનું ગ્રહણ આકરૂ સાબિત થયુ છે. દસ દિવસ પહેલા પણ ચોરે ને ચૌટે નવરાત્રી નહીં ઉજવવાનો અફસોસ ઠલવાઈ રહ્યો છે. ખાસ કરીને ગાંધીનગરને તો નવરાત્રીનો અહાંગરો સતાવે છે.

**રવિવારે મુક્તિધામમાં ૯ અંતિમ સંસ્કાર**

રવિવારના આખા દિવસમાં કોરોનાગ્રસ્ત ૯ મૃતકોના અંતિમ સંસ્કાર કરાયા હતા. સરકાર ગમે તે આંકડા આપે પરંતુ આ નક્કર હકિકતને પણ અવગણી શકાય એમ નથી. કોરોના વાયરસને હળવાશથી લેવાની જરૂર નથી. માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ એક માત્ર કોરોનાથી દૂર રહેવાનો ઉપાય છે.

**અર્ક આજનો**

આપણા ''પડછાયા'' પાસે પણ આપણે ''જીવતા'' શીખવાનું છે... ક્યારેક ''નાના'' થઈને તો ક્યારેક... ''મોટા'' થઈને..!!

# ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષા માર્ચના બદલે મે મહિનામાં લેવાશે

**વિદ્યાર્થીઓ માટે સારા સમાચાર : ધો - ૯ થી ૧૧ ની પરીક્ષા જુનમાં લેવાશે : વિદ્યાર્થીઓ તણાવમુક્ત પરીક્ષા આપી શકે તે માટે અભ્યાસક્રમ ઘટાડાયો : ધો -૯ થી ૧૧ના અભ્યાસક્રમમાં પણ ૩૦ ટકાનો ઘટાડો કરાયો**

ગાંધીનગર તા ૫

કોરાનાના કપરા કાળમાં વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર આવ્યા છે. જયારે દરવર્ષે માર્ચ મહીનામાં લેવામાં આવતી ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા આગામી તા ૨૧ મેં ના રોજ લેવાનો પણ નિર્ણય કરાયો છે. આ ઉપરાંત ધો -૯ થી ૧૧ માટે આગામી જુન મહીનામાં પરીક્ષાનુ આયોજન કરાયુ છે. સરકારે ધો ૯ થી ૧૨ના અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો કરી દીધો છે. જેના લીધે વિદ્યાર્થીઓએ હવે ૭૦ ટકા અભ્યાસક્રમ પર જ ફોકસ કરવાનુ રહેશે. કોરોનાની મહામારીને ધ્યાને લઈ આ નિર્ણય લેવાતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ હાંશકારો પ્રવર્તયો છે. વિદ્યાર્થીઓ તણાવમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપે તે માટે અભ્યાસક્રમ સહીત પરીક્ષાના ટાઈમટેબલમાં પણ નોંધપાત્ર ફેરફાર કરવામાં આવ્યો છે.

કોરોનાની મહામારીના સંજોગોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ને અનુલક્ષીને શાળાઓમાં શૈક્ષણિક કાર્યના દિવસો અને અભ્યાસક્રમમાં ઘટાડો કરવા માટે સરકારમાં સતત વિચારણા ચાલી રહી છે. જયારે આ અન્વયે અત્યાર સુધી ત્રણથી ચાર વાર શિક્ષણ બોર્ડ તેમજ શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે શિક્ષણમંત્રીની બેઠક પણ યોજવામાં આવી હતી. બેઠક દરમિયાન શિક્ષણવિદો સહીત જુદા જુદા વિષયના તજજ્ઞો તેમજ અધિકારીઓએ પણ હાજરી આપી હતી. કોરોનાના કપરા કાળમાં હાલ શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ કાર્ય બંધ છે. જયારે ઓનલાઈન શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ પુરુ પાડવામાં આવી રહ્યુ છે. કોરોનાના કપરા કાળ દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા પણ અભ્યાસક્રમમાં ઘટાડો કરવા અંગે સતત રજુઆતો કરવામાં આવતી હતી. જેના અંતે ઉંડાણપુર્વકની વિચારણા બાદ સરકારે વિદ્યાર્થીઓના હિતમાં અભ્યાસ ક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. ધો -૯ થી ૧૨ ના અભ્યાસ ક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો કરી દેવાતા હવે વિદ્યાર્થીઓએ માત્ર ૭૦ ટકા કોર્ષ તરફ જ ધ્યાન આપવાનુ રહેશે. જો કે રદ કરેલા અભ્યાસક્રમમાંથી પ્રશ્નો પુછવામાં આવશે નહીં પરંતુ શિક્ષકોએ શૈક્ષણિક હીતમાં આ મુદ્દાઓનુ જ્ઞાન વિદ્યાર્થીઓને આપવાનુ રહેશે. અભ્યાસક્રમમાં ઘટાડાનો આ નિર્ણય વર્ષ ૨૦૨૦-૨૧ ના વર્ષ માટે જ લાગુ પડશે. અભ્યાસક્રમમાં ઘટાડો કરવાના મામલે લીંક, ટોપિક રદ ન થાય તેમજ સ્પર્ધાત્મક પરીક્ષામાં પણ વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે તેનુ

● અનુસંધાન પાન-૭ પર

# મનપા સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા કોરોના પોઝીટીવ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહજી ચાવડાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ચાવડાએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ચાવડાએ તાવની ફરિયાદ કરતાં તેમને એન્ટીજન ટેસ્ટ કરવામાં



આવ્યો હતો અને તે રિપોર્ટ પોઝીટીવ આવતાં જ તેમણે તાબડતોબ ક્વોરોન્ટાઈન થઈ ગયા છે અને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ચાવડાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હોવાથી મનપાના કાઉન્સીલરોમાં પણ ભયની લાગણી ઉભી થઈ છે. હજુ ગત સપ્તાહે જ અર્થાત ૨૮મી સપ્ટેમ્બરના રોજ તેમણે સ્થાયી સમિતિની બેઠકમાં હાજરી આપી હતી.

ચાવડાના નજીકના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તેમની તબિયત સારી છે અને તેઓ ઝડપથી રિકવરી પણ પ્રાપ્ત કરી રહ્યા છે. જોકે ચાવડાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આજે શહેરભરમાં ચકચાર મચી જવા પામી છે. મનપાની કચેરીમાં અગાઉ કેસો નોંધાયા હતા જે ઉલ્લેખનીય છે.




સરળ ઉપલબ્ધિ... - આજથી ૪ મહિના પહેલા માસ્ક અને સેનેટાઈઝર માટે મેડીકલ સ્ટોર પર લાઈન લાગતી હતી... ખાસ કરીને અમુક પ્રકારના માસ્ક મેળવવા દોડધામ પણ થતી હતી... પરંતુ સમયના વહેણમાં આજે ડગલે ને પગલે માસ્ક અને સેનેટાઈઝરનું વેચાણ થવા લાગ્યું છે... જેનાથી કોઈપણ નાગરિક કોઈપણ અવરોધ વિના પોષાય તેવા ભાવે માસ્ક અને સેનેટાઈઝર ખરીદી શકે છે... વૈશ્વિક મહામારી કોરોનાએ બજારના અનેક સ્વરૂપો બદલ્યા છે... જેમાનું આ એક નવું સ્વરૂપ છે... નવો વ્યવસાય હવે સરળતાથી થવા લાગ્યો છે...

# સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના ૨૦ ટકા થાંભલા બંધ : ૬ ટીમો કામે લાગી

**ખોદકામાના લીધે કેબલ કટ ઓફ થઇ જતા દોઢ મહીનાથી લાઇટો ડુલ હોવાનો સ્થાનિકોનો આક્રોશ**

ગાંધીનગર તા ૫

શહેરના સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી અંધારપટ્ટ જોવા મળે છે. સ્ટોર્મ વોટર લાઇનની ખોદકામગીરીના લીધે સેકટરોમાં કેબલ કટ થતા લાઈટો ડુલ જોવા મળી રહી છે. આવા સંજોગોમાં જે સેકટરોમાં ખોદકામ પુર્ણ થઈ ગયુ હોય તે મુજબ લાઈટોના કેબલોનુ જોડાણ કરવા માટે તંત્રએ ૬ જેટલી ટીમો કામે લગાડી હોવાનુ પણ જણાંવાયુ છે. કેટલાક સેકટરોમાં છેલ્લા દોઢ મહીનાથી રીંગ રોડ પર અંધારપટ્ટ હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. નવરાત્રી સહીતના તહેવારો નજીકમાં છે ત્યારે સ્ટ્રીટ લાઈટો ત્વરિત શરૂ કરવા માટે પણ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં સ્ટ્રીટ લાઈટના બંધ થાંભલા શરૂ કરવા માટે તંત્રએ ૬ ટીમો કામે લગાડી છે. ખોદકામના અંતે સેકટરોમાં હાલ ઘણાં ઠેકાણે સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે. લાંબા સમયથી લાઈટો ડુલ હોવાના લીધે સ્થાનિકોને પણ સાંજ ઢળતા અંધારામાં પરેશાની વેઠવી પડે છે. જયારે હવે નવરાત સહીતના તહેવારો નજીક આવતા સેકટરોમાં અજવાળુ પથરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનનુ ખોદકામ છેલ્લા ઘણાં સમયથી ચાલી રહ્યુ છે. આવા સંજોગોમાં કેબલ કટ ઓફ થતા લાઈટો ડુલ થઈ ગઈ છે.જયારે જયાં સુધી ખોદકામ પુર્ણ ન થાય ત્યાં સુધી કેબલનુ જોડાણ આપવાનુ શકય ન હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે. આવા સંજોગોમાં જે સેકટરોમાં ખોદકામગીરી બંધ કરી દેવામાં આવી હોય તેવા ઠેકાણે લાઈટોના કેબલનુ જોડાણ કરી સ્ટ્રીટ લાઈટો શરૂ કરવા માટે ટીમો કામે લાગી છે. ખાસ કરીને નવા સેકટરોમાં પણ ઘણાં ઠેકાણે લાઈટો બંધ છે. જયારે શહેરમાં સ્થિત ૧૮ હજાર જેટલા થાંભલા પૈકી અંદાજિત ૨૦ થી ૨૫ ટકા લાઈટો બંધ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. સેકટરોના રીંગ રોડ પર વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના બેકાબુ બન્યો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર તાલુકામાં કોરોના બેકાબુ બની વિસ્તરતાં જિલ્લા આરોગ્યતંત્રની ચિંતા વધી છે. આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ કેસ નોંધાયા છે અને તેમાંથી ૧૪ કેસ માત્ર ગાંધીનગર તાલુકામાં જ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં જે રીતે કેસો વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં જે કેસો વધ્યા છે તેને લઈ તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સોશીયલ ડિસ્ટન્સીંગનુ પાલન થાય તે જોવા પણ જણાવ્યુ છે.

આજે નોંધાયેલા કેસોમાં ૮ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

વાસણા હડમતિયા ગામેથી ૮૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ડભોડા ગામેથી ૬૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

ભાટ ગામેથી પણ આજે બે કેસ મહિલા દર્દીઓના મળ્યા છે અને બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ૬૩ વર્ષીય મહિલા અને ૫૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કોટેશ્વર ગામેથી ૧૧ વર્ષના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો કુડાસણમાંથી ૫૧ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આલમપુર ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. ૬૦ વર્ષીય મહિલા અને ૨૪ વર્ષીય મહિલાના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત આલમપુર મિલેટ્રી સ્ટેશનમાંથી પણ એક ૨૬ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

પેથાપુરમાંથી ૬૨ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

સરગાસણ ગામેથી આજે ૩ કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. સરગાસણમાંથી ૨૪ વર્ષીય કર્મયોગી, ૪૦ વર્ષીય વેપારી અને ૧૦ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યારે બે દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મગોડી ગામેથી ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કૃષિ સાથે સંકળાયેલ યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨, ૩, ૪, ૫ કોરોના હોટસ્પોટ

**સે. ૨, ૩, ૪, ૫માં વધુ ૧૩ કેસ નોંધાયા : સે. ૫ માં ૫, સે. ૨ માં ૪, સે. ૪ માં અને સે. ૩ માં ૨-૨ કેસ ઉપરાંત સે. ૨૬, ઈન્ફોસીટી, સે. ૨૨, સે. ૧૭, સે. ૬, સે. ૨૧માંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર શહેરમાં આજે સે. ૨ અને ૫ માંથી ૯ કેસ કોરોના પોઝીટીવના નોંધાતા તંત્ર સહિત શહેરભરમાં ચકચાર મચી જવા પામી છે. આજે શહેરમાં નવા ૧૯ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૪૦૫ થઈ છે.

આજે શહેરમાં સે. ૨ અને ૫ માં જે રીતે કોરોના વિસ્તરી રહ્યો છે તેને લઈ તંત્ર સહિત શહેરમાં પણ ચકચાર મચી ગઈ છે. સે. ૨ માં ૪ અને સે. ૫ માં ૫ કેસ નોંધાયા છે. આ ઉપરાંત સે. ૪ માં ૨, સે. ૩ માં પણ બે કેસ નોંધાયા છે. આ ચાર સેક્ટરમાં જ ૧૩ કેસ નોંધાયા છે. આમ નવા સેક્ટરો કોરોના માટે અતિ સંવેદનશીલ બની રહ્યા છે. તંત્ર દ્વારા આ સેક્ટરોમાં આકરા પગલા લેવાની વિચારણા હાથ ધરાઈ છે.

શહેરમાં આજે સે. ૨૧, સે. ૬, ઈન્ફોસીટી, સે. ૧૭, સે. ૨૨ અને ૨૬ માંથી પણ કેસો મળી આવ્યા છે. શહેરમાં વધતા જતા સંક્રમણને પગલે તંત્રની ઉંઘ ઉડી જવા પામી છે. ખાસ કરીને નવા સેક્ટરો સહિત શહેરમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ હવે આકરા પગલાંનો વિકલ્પ વિચારવા તંત્ર મજબુર બન્યુ છે.

સેક્ટર-૨ માં આજે ૪ કેસ નોંધાયા છે. તેમાં ૩ કેસ એક જ પરિવારમાંથી આવ્યા છે. દિકરો-વહુ અને માતા કોરોનાની ઝપટે ચડ્યા છે. ૬૫ વર્ષીય ગૃહીણી, ૪૨ વર્ષીય ગૃહીણી અને ૪૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્ય છે. ૬૫ વર્ષીય ગૃહીણીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યારે ૪૩ વર્ષીય પુરૂષ અને ૪૨ વર્ષીય ગૃહીણીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨ માંથી એક ૪૯ વર્ષીય નિફ્ટના કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માંથી આજે પાંચ કેસ નોંધાયા છે. એલ.આઈ.સી.માં હાયરગ્રેડ આસિસ્ટન્ટ તરીકે ફરજો બજાવતા ૫૬ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર સિવિલમાં લેબ આસિ. તરીકે ફરજો બજાવતા ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં આસિસ્ટન્ટ તરીકે ફરજો બજાવતા ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૫ માં રહેતા ૬૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બિલ્ડીંગ સાઈટ સુપરવાઈઝર તરીકે નોકરી કરતા ૧૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ પાંચેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૫ માં અને સે. ૨ માં વધતા જતા કેસોને પગલે તંત્રએ આ સેક્ટરોમાં સર્વેલન્સ સઘન કરવા સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કડક રીતે થાય તેમજ કન્ટેનમેન્ટ ઝોનના નિયમોનું પાલન પણ કડક રીતે થાય તે જોવા કડક સૂચનાઓ આપવામાં આવી છે.

સે. ૩ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૩ માં રહેતા અને ડી.એસ.પી. ઓફિસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજો બજાવતા ૩૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ઉનાવા ખાતે ક્લીનીક ધરાવતા ૬૪ વર્ષીય તબીબનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૪ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. અમદાવાદ ડેન્ટલ કોલેજમાં અધ્યાપક તરીકે સેવાઓ આપતા ૩૫ વર્ષીય તબીબ, તેમજ અમદાવાદ ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા ૩૮ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. નાયબ મામલતદારને એચ.સી.જી. હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા છે. જ્યારે ડેન્ટલ કોલેજના અધ્યાપકે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ઈન્ફોસીટીમાં રહેતા અને હેડ પોસ્ટ ઓફિસ સે. ૧૧ ખાતે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરી બસ સેવામાં હવે ૩૦ના બદલે ૪૬ મુસાફરો બેસી શકશે

**શહેરી બસ સેવાને અનુલક્ષી ૩૦ના બદલે ૩૫ થી ૪૬ મુસાફરો બેસાડી શકાશે : એસ ટી તંત્રને રાહત**

ગાંધીનગર તા ૫

કોરોનાના સંક્રમણને ધ્યાને લઈ અત્યાર સુધી એસ ટી બસમાં ઓછા મુસાફરો બેસાડવામાં આવતા હતા અલબત્ત એક બસમાં ૩૦ મુસાફરો જ સવારી કરી શકતા હતા જયારે આ મામલે હવે ૭૫ ટકા મુસાફરો બેસાડવાની છુટછાટ આપવામાં આવી છે. જેને અનુલક્ષી શહેરી બસ સેવામાં પણ ૩૦ ના બદલે બસની બેઠક વ્યવસ્થા મુજબ ૩૫ થી ૪૬ મુસાફરો બેસાડી શકાશે.

સલામત સવારીમાં હવે વધુ મુસાફરો બેસવા દેવા માટે છુટછાટ આપવામાં આવી છે. કોરોનાના સંક્રમણથી બચવા માટે અત્યાર સુધી એક બસમાં માત્ર ૩૦ મુસાફરો જ બેસવા દેવાતા હતા જયારે એસ ટી નિગમની અલગ અલગ બેઠક ક્ષમતા ધરાવતી બસ મુજબ હવે ૭૫ ટકા મુસાફરો બેસવા દેવા માટે મંજુરી આપી દેવાતા ગાંધીનગર ડેપોએ પણ તે મુજબ બસમાં મુસાફરો બેસાડવા માટેના આયોજનમાં ફેરફાર કરાયો છે.ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવા અન્વયે પણ બસમાં ૩૫ મુસાફરો બેસાડી શકાશે જયારે ૬૫ મુસાફરોની સીટવાળી બસમાં

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
SURMOUNT HOSPITAL
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com